# ડીસામાં રખડતા ઢોરોના ત્રાસથી રહીશો પરેશાન

ડીસા, તા. ૧

ડીસા શહેર તેમજ હાઈ-વે વિસ્તારમાં ઠેર ઠેર રખડતા ઢોરો પોતાનો અડીંગો જમાવી રસ્તા વચ્ચોવચ બેઠેલા નજરે પડે છે. આ ઢોરોના કારણે અનેકવાર વાહનચાલકો તેમજ રાહદારીઓને અનેક નાના મોટા અકસ્માતોનો સામનો કરવો પડે છે. જેથી પાલીકા દ્વારા આ રખડતા ઢોરોને પકડી પાંજરાપોળમાં પુરાય અને માલીકો પાસેથી દંડ વસુલ કરી કાર્યવાહી કરવામાં આવે તેવી જનમાંગ ઉઠવા પામી છે.

જેની વિગતો જોઈએ તો ડીસાના નેશનલ હાઈ-વે જેવા કે ગાયત્રી મંદિર, જલારામ મંદિર, એરપોર્ટ ચાર રસ્તા અને માર્કેટયાર્ડ ત્રણ રસ્તા તેમજ શહેરના ફુવારા સર્કલ, બગીચા સર્કલ, એસ.સી.ડબલ્યુ હાઈસ્કૂલ સર્કલ, રેલવે સ્ટેશન ચાર રસ્તા, લેખરાજ ચાર રસ્તા, અને જુના બસ સ્ટેન્ડથી ગાયત્રી મંદિર તરફ જતા રોડ ઉપર રખડતા ઢોરોને ત્રાસ દિવસે ને દિવસે વધી રહ્યો છે. જેનાથી અનેકવાર વાહનચાલકો તેમજ રાહદારીઓને આ ઢોરોના કારણે અકસ્માત તેમજ નાની મોટી ઈજાઓ થાય છે. આ રખડતા ઢોરો અનેકવાર અંદરો અંદર ઝઘડતા હોવાથી વેપારીઓના માલસામાનને પણ ભારે નુકશાન વેઠવાનો વારો આવે છે. ડીસા શહેરના વેપારીઓ તેમજ રાહદારીઓએ અનેકવાર નગરપાલિકા તંત્રને જાણ કરવા છતાં કોઈ નક્કર પગલા લેવાતા નથી. તો પાલીકા દ્વારા આ રખડતા ઢોરોને પકડી પાંજરાપોળમાં પુરાય અને તેમના માલીકો પાસેથી દંડ વસુલ કરાય તો આ રખડતા ઢોરો બંધ થઈ શકે તેમ છે. સ્થાનિક રહીશોએ જણાવ્યું હતું કે પાલીકા દ્વારા આ રખડતા ઢોરો પકડી યોગ્ય સ્થળે મોકલાય તેવી અમારી માંગણી છે.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# મોડાસા નાગરીક સહકારી બેંકની રસાકસીભરી ચૂંટણી ચેરમેન પદે સુભાષ શાહનો જંગી બહુમતીથી વિજય

મોડાસા, તા. ૧

ગુજરાત રાજ્યમાં તેમજ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સહકારી ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવતી મોડાસા નાગરીક સહકારી બેંકની ભારે રસાકસી અને ઉત્તેજનાસભર ચૂંટણી મોડાસા શહેર તેમજ અરવલ્લી જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બિંદુ બની હતી.

મોડાસા નાગરિક સહકારી બેંકની ચૂંટણીમાં વિજય મેળવવો એ ખુબ જ કઠીન તેમજ મોભાનું સ્થાન અને ખુબ જ જવાબદારી નિભાવવાનું કામ છે. આ ચૂંટણીમાં ચેરમેન તરીકે સુભાષભાઈ એમ. શાહ જંગી બહુમતીથી ચૂંટાયા હતા. તથા બોર્ડ ઓફ ડીરેક્ટરોના ઉમેદવારો વચ્ચે પણ ખૂબ જ હરીફાઈ જોવા મળી હતી. આ ચૂંટણીમાં ડીરેક્ટરો તરીકે અલ્પેશ ગાંધી, સર્વોદય હાઈસ્કૂલના આચાર્ય રાકેશ મહેતા, અશોક ભાવસાર, નૈનેષ શાહ, રણધીર ચૂડધર અને રોહિતભાઈ પટેલનો જવલંત વિજય થયો હતો. જ્યારે શાખ કમીટીમાં મતદારોએ યુવા શક્તિને ધ્યાને રાખી પ્રજ્ઞેશ ગાંધી અને કિર્તી શાહને વિજય બનાવ્યા હતા.

મોડાસા હાઈસ્કૂલમાં યોજાયેલ ચૂંટણીમાં ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મતદાન કર્યું હતું. તેમજ ઉમેદવારોએ જીત માટે એડીચોટીનું જોર અજમાવ્યુ હતું. તેમજ મતદારોને ઘરે ઘરે જઈને નમ્ર અપીલ કરી હતી. વધુ પડતા મતદાનના કારણે ઉમેદવારોમાં પણ અજંપાભરી સ્થિતિ પેદા થઈ હતી. આ ચૂંટણીની સમગ્ર કામગીરી મેનેજર મંગેશ શેઠ અને ચૂંટણી અધિકારી પરેશ ગાંધીએ સંભાળી હતી. વિજય થયેલા ચેરમેન સુભાષ શાહ તેમજ ડિરેક્ટરોએ તથા શાખ કમિટીએ મોડાસા શહેરમાં વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું અને જશ્નનો માહોલ જામ્યો હતો.

ચૂંટાયેલા સભ્યોને કોલેજ કેળવણી મંડળના પ્રમુખ અરૂણ શાહ તેમજ હોદ્દેદારો તથા મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપિન શાહ તથા હોદ્દેદારો જેસીસ પ્રમુખ નવનીત પરીખ, નિલેષ જોષી, ધીરભાઈ પ્રજાપતિ તથા કમલેશ પટેલ (મા.ન.સદસ્ય) તથા મોડાસાના નગરજનોએ હર્ષોલ્લાસથી વધાવી લીધા હતા અને અભિનંદન પાઠવ્યા હતા.


(જય અમીન, મોડાસા)

# મોડાસામાં આઈસીયુની સગવડ ધરાવતી એમ્બ્યુલન્સ વાન માટે માંગ કરાઈ

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાનું મુખ્યમથક મોડાસા એક શિક્ષણનગરી હોવા ઉપરાંત આરોગ્યધામ તરીકે પણ સુવિખ્યાત છે. મોડાસામાં આસપાસના જિલ્લાઓ અને પડોશી રાજ્ય રાજસ્થાનથી પણ દર્દીઓનો મોટી સંખ્યામાં ઘસારો સારવાર માટે રહે છે. જો કે મોડાસામાં દર્દીઓનો આટલો ઘસારો હોવા છતાં ઈમર્જન્સી કેસની સારવાર માટે દર્દીને અમદાવાદ લઈ જવા માટે માત્ર સાદી જ એમ્બ્યુલન્સ વાન પર જ નિર્ભર રહેવું પડે છે.

મોડાસા નગરપાલિકા પાસે કે અન્ય કોઈ સેવાભાવી સંસ્થા પાસે આઈસીયુની સગવડ ધરાવતી અદ્યતન એમ્બ્યુલન્સ વાન નથી જેના કારણે દર્દીનઓ મોંઘા ભાડાની આઈસીયુવાનને આધારે રહેવુ પડે છે. સામાન્ય દર્દીઓને આવી મોંઘી આઈસીયુવાન પોષાય નહી. આ કારણે ઘાંચી આરોગ્ય મંડળની ગરીબ દર્દી સહાય સમિતિના ચેરમેન સભાપતિ દાઉદભાઈ પહોથીયાએ નગરપાલિકા સમક્ષ માંગણી કરી છે.

ગાંધી આરોગ્ય મંડળના પ્રમુખ મહમંદ હબીબ (કાલુભાઈ) ઈપ્રોલીયા અને સેક્રેટરી અબ્દુલ રહીમ ભાપલાની રાહબરી હેઠળ આરોગ્ય ક્ષેત્રે ઉમદા કામગીરી કરવામાં આવી રહી છે. આ સંસ્થાએ દર્દીઓને પોસાય તેવા દરે આઈસીયુ એમ્બ્યુલન્સવાન મળે તેવી નગરપાલિકા સમક્ષ કરી છે. જે ગરીબ-મધ્યમ વર્ગના દર્દીઓ માટે આશિર્વાદરૂપ સાબિત થાય તેમ છે.

# ધનસુરા દેના બેંકનો ૩૫મો સ્થાપના દિન ઉજવાયો

ધનસુરા, તા. ૧

ધનસુરા જે.એસ. મહેતા હાઈસ્કૂલ સામે આવેલા ધનસુરા દેના બેંકનો ૩૫મો સ્થાપના દિન દેનાબેંકના જનરલ મેનેજર ધનંજયકુમારની ઉપસ્થિતિમાં ઉજવાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં બેંકના ખાતેદારો અને ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જનરલ મેનેજર ધનંજયકુમારનું બ્રાન્ચ મેનેજર નરેન્દ્ર પ્રધાને બુકે આપી સ્વાગત કરી બેંકની પ્રગતિનો અહેવાલ આપ્યો હતો. જનરલ મેનેજર ધનંજયકુમાર પ્રાસંગિક પ્રવચનમાં પ્રધાન મંત્રીની જનધન યોજનાની વિસ્તૃત માહિતી આપી ધનસુરા બ્રાન્ચની પ્રગતિને બિરદાવી હતી. કાર્યક્રમના અંતે મેનેજરે સર્વે ઉપસ્થિત મહેમાનોનો આભાર માન્યો હતો.

# પાલનપુર માહિતી કચેરીના સ્ટાફ દ્વારા ઉદ્ધતાઈભર્યુ વર્તન

ડીસા, તા. ૧

પાલનપુર ખાતે આવેલી માહિતી કચેરીના સ્ટાફ દ્વારા પત્રકારો સાથે ઓરમાયુ વર્તન દાખવી ઉદ્ધતાઈભર્યા જવાબો અપાતા હોવાથી પત્રકારોમાં માહિતી કચેરીના સ્ટાફ સામે રોષની લાગણી જોવા મળી રહી છે. અત્યારે ભાદરવી પુનમના મહામેળાના માર્ગો અને મંદિર સંકુલમાં કવરેજ માટે પાસ આપવાની કાર્યવાહી ચાલી રહી છે. જે માટે આવતા જિલ્લાના પત્રકારોને ઉદ્ધતાઈભર્યા જવાબો આપી કર્મચારીઓ ઘરની ધોરાજી ચલાવી રહ્યા છે. ત્યારે વહાલા દવલાની નિતી અપનાવવાતા કર્મચારીઓ સામે માહિતી સચિવ દ્વારા પગલા ભરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# ભિલોડા નવી વસવાટ પાસે સીમેન્ટનું મિક્ષર મશીન પલટી ખાતા એક મજુરનું મોત





ભિલોડા, તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા નવી વસવાટ પાસે ચુનાખાણ રોડ ઉપર ગરનાળાના કામકાજ દરમ્યાન સીમેન્ટનું મિક્ષર મશીન પલટી ખાતા એક મજુર દટાઈ જવાના કારણે કરૂણ મોત નિપજ્યું હતું જ્યારે બે મજુરોનો ચમત્કારીક બચાવ થયો હતો. મનોજભાઈ પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી, રાજુભાઈ મકરાણી, ઐયુબહુસેન મહંમદશાહ ફકીર (બાવજી), રામસિંઘ ઓડ તેમજ વહીવટી તંત્રના અધિકારીઓના જણાવ્યા મુજબ ચુનાખાણ રોડ ઉપર ગરનાળાનું કામકાજ ચાલતું હતું તે દરમ્યાન સિમેન્ટ મીક્ષર મશીન ગાડી નંબર. જી.જે.૮.એ.ઈ. ૮૫૫૧ ગરનાળા ઉપર સિમેન્ટનો માલ ખાલી કરવા માટે ઉભુ રાખતા મીક્ષર મશીનના વજનથી પાયાનું કરેલ ખોદકામ સહિત માટી એકા-એક ધસી પડતાં સિમેન્ટનું મીક્ષર મશીન પલટી ખાતા ગરનાળાની અંદર કામકાજ કરી રહેલ બનાસકાંઠા જીલ્લાના દાંતા તાલુકાના દલપુર ગામના લલીતભાઈ લારસુભાઈ બુબડીયા, ઉંમર.વર્ષ-૩૦ નું માટીની અંદર દબાઈ જવાના કારણે કરૂણ મોત નિપજ્યું હતું. ગત સમી સાંજે સીમેન્ટનું મીક્ષર મશીન પલટી ખાતા એક મજુર દટાયો હોવાની વાતો વાયુવેગે પ્રસરતાં લોકોના ટોળે-ટોળા નવી વસવાટ પાસે ઉમટ્યા હતા.

મૃતક મજુરના મૃતદેહને બહાર કાઢવા માટે ત્રણ જે.સી.બી.મશીન કામે લગાડ્યા પરંતુ ત્રણ કલાકની ભારે જહેમત બાદ મૃતક યુવાનનો મૃતદેહ બહાર કઢાયો હતો. મૃતક યુવાનના મૃતદેહને ભિલોડા કોટેજ હોસ્પિટલમાં ૧૦૮ એમ્બ્યુલન્સ વાન મારફતે ખસેડાયો હતો. મેડીકલ ઓફીસરોએ મૃતક યુવાનનું પી.એમ. કરી લાશ પરીવારજનોને સોપતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.

# ધાર્મિક ભાવના અને શ્રદ્ધા વિકાસની મંજીલ સુધી લઈ જાય છે : રજનીકાંત પટેલ

## સાબરકાંઠા સુરક્ષા સેતુ દ્વારા પદયાત્રીઓ માટે વિસામો ખુલ્લો મુકાયો

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરનાપોલીસ ગ્રાઉન્ડ ખાતે સુરક્ષા સેતુ સોસાયટી ધ્વારા માં અંબાની આરાધના માટે જઈ રહેલા પદયાત્રીઓ માટે અધતન સુવિધાઓથી સજ્જ વિસામો ગૃહરાજય મંત્રી અને સાબરકાંઠા જિલ્લાના -ભારી મંત્રી રજનીકાન્ત પટેલના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ -સંગે મંત્રીએ પદયાત્રીઓનો ઉત્સાહ વધારાતા જણાવ્યું હતું કે,"મંજીલ દૂર હિ સહિ રાસ્તેમે કિતની ભી રુકાવટ આયે ફિર ભી દિશાએ ખુલ જાતી હૈ ધાર્મિક ભાવના અને શ્રધ્ધા વિકાસની મંજીલ સુધી લઈ જાય છે. વધુમાં તેમણે વહિવટીતંત્ર અને પોલીસ ધ્વારા પદયાત્રીઓની સેવા માટે થઈ રહેલ સ્વચછતા, આરોગય અને જમવા સહિતની વિસામાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)



આ -સંગે હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે મા આરાસુરીના ધામમાં પદયાત્રાએ જઈ રહેલા પદયાત્રીઓની સેવા કરવી એ ભગીરથ કાર્ય છે. શ્રધ્ધા અને સેવાથી માણસનું મન -ફલલિત થાય છે.

જિલ્લા કલેકટર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, રાજયભરમાંથી મોટી સંખ્યામાં પદયાત્રીઓ માં અંબાના દર્શને જાય છે ત્યારે સ્વચ્છતા અને આરોગ્યની સુવિધાને -ાધાન્ય આપવુ તે સૌની ફરજ છે. વહિવટીતંત્ર પણ સ્વચ્છતા અને પદયાત્રીઓના આરોગ્ય માટે સજાગ અને સજ્જ છે.

જિલ્લા પોલીસ વડા -વિણ માલે જણાવ્યું હતુ કે સુરક્ષા સેતુ ધ્વારા ખુલ્લો મુકવામાં આવેલ વિસામામાં સવાર સાંજ ચા-નાસ્તો અને જમવાની વ્યવસ્થા સહીત મેડિકલ કેમ્પ અને પદયાત્રીઓ માટે આરામની સુવિધા ઉપલબ્ધ છે. પદયાત્રીઓની સુરક્ષા માટે પોલીસબળ ખડે પગે સેવા બજાવશે.



આ -સંગે જિલ્લા ભાજપ -મુખ પૃથ્વીરાજભાઈ પટેલ, સાસંદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, કલેકટર બંછાનિધી પાની, જિલ્લા પોલીસવડા માલ, પૂર્વ ગૃહ રાજય મંત્રી -ફૂલભાઈ પટેલ, નગરપાલિકા -મુખ શંકરભાઈ કહાર, એસ.ટી.નીગમના ડિરેકટર કૌશલ્યાકુંવરબા સહીત પદાધિકારીઓ અને ચીફ ઓફિસર નવનીતભાઈ પટેલ સહિત અન્ય પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મીઓ તથા પદયાત્રીઓ મોટી સંખ્યામાં ઉપસથિસ્ત રહી આરતીનો લ્હાવો લીધો હતો.




(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

# ધાનેરામાં વેપારીઓ દ્વારા ત્રિદિવસીય ગણેશોત્સવ ઉજવાયો

ધાનેરાના મધૂસૂદન માર્કેટમાં વેપારીઓ દ્વારા ગણેશ ચતુર્થીના દિવસે વિઘ્નહર્તા ગણપતિની વાજતે-ગાજતે શોભાયાત્રા કાઢી સ્થાપન કરવામાં આવ્યું છે. આ માર્કેટમાં વેપારીઓ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ત્રિ-દિવસીય ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ભગવાન ગણેશજીની સ્થાપના બાદ તેમની પૂજા-આરતી કરાઈ હતી અને રાત્રે દાંડીયા રાસનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આ ગણેશજીની રવિવારના રોજ ભવ્ય શોભાયાત્રા કાઢી વિશ્વેસ્વર મહાદેવ પાસે વિસર્જન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રામાં ધાનેરાના વેપારીઓ સહિત અનેક શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.


માંડવી (કચ્છ) ખાતે રાજ્યમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ ગણપતિ ઉત્સવ પ્રસંગે બાળકોને મળીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦